# ગાંધીનગરના ગગનમાંથી અગનવર્ષા

## મોસમની રેકર્ડ બ્રેક ગરમી પારો ૪૪.૪ ડીગ્રી : સમગ્ર શહેર આગની લપેટમાં : દિવસ દરમિયાન સેકટરોની શેરીઓમાં સન્નાટો : આક્રમક ગરમીથી જનજીવન સુન્ન : ગરમીથી બચવા ઘરની બહાર ન નિકળવા માટે સલાહ



ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરમાં ગરમીનો પારો સતત ત્રીજા દિવસે પણ ઉપર તરફ દોટ લગાવતા આજે મહત્તમ તાપમાન ૪૪.૪ ડીગ્રી પહોંચી ગયુ હતુ. સિઝનની રેકર્ડ બ્રેક ગરમીથી શહેરીજનોએ ભઠ્ઠીમાં શેકાતા હોય તેવો અનુભવ કર્યો હતો. આકાશમાંથી અંગારા વરસતા કાળઝાળ ગરમીથી શહેરનુ જનજીવન પણ સુન્ન પડી ગયુ હતુ. અગાઉ ગત મહીના દરમિયાન ગરમીનો પારો ૪૪.૧ ડીગ્રી પહોંચી ગયો હતો. જયારે આજના તાપમાને સિઝનની મહત્તમ ગરમીનો રેકર્ડ પણ તોડી નાંખ્યો હતો. ઉનાળા દરમિયાન આજનો દિવસ સૌથી વધુ ગરમ રહ્યો હતો. નગર આગની લપેટમાં આવી ગયુ હતુ. દિવસ દરમિયાન આકાશમાંથી વરસતી અગ્નજવાળના લીધે ગરમી ટોક ઓફ ધ ટાઉન બની હતી.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી ગરમીનો પારો સતત ચઢઉતર થતો નજરે પડે છે. જયારે છેલ્લા ત્રણ મહત્તમ તાપમાન ઉંચે ચઢતા સતત વધતી ગરમી વચ્ચે શહેરીજનો તોબા પોકારી ગયા છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૩.૮ ડીગ્રી પહોંચી ગયુ હતુ. જયારે આજે ગરમીએ તમામ હદ ઓળંગી નાંખતા મહત્તમ તાપમાન ૪૪.૪ ડીગ્રીને ટચ થઈ ગયુ હતુ. સિઝનની રેકર્ડ બ્રેક ગરમી અગાઉ ૪૪.૧ ડીગ્રી નોંધાઈ હતી. જયારે ૦.૩ ડીગ્રી ના વધારા સાથે આજનો દિવસ સૌથી ગરમ રહ્યો હતો. ગાંધીનગર આગની લપેટમાં આવી ગયુ હોય તેવો અનુભવ શહેરીજનોએ કર્યો હતો. આકાશમાંથી વરસતા અંગારાએ સૌ કોઈને બેબાકળા કરી દીધા હતા. દિવસ દરમિયાન આકરા તાપ વચ્ચે ગરમ લું ફુંકાતા જન આરોગ્ય પણ પ્રભાવિત થયુ હતુ. આકરી ગરમીના લીધે શહેરના શોપિંગ બજારોમાં પણ કોઈ ખાસ ચહલ પહલ જોવા મળી ન હતી. જયારે નગરની સરકારી કચેરીઓમાં પણ કર્મચારીઓ કામ સિવાય બહાર નિકળ્યા ન હતા. સેકટરોમાં પણ આક્રમક ગરમીના લીધે શેરીઓમાં સન્નાટો છવાયેલો રહ્યો હતો. ગૃહીણીઓ પણ ગરમીથી બચવા માટે ઘરમાં પુરાયેલી રહી હતી. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૩.૮ રહ્યુ હતુ. જયારે આજે ૦.૬ ડીગ્રીના વધારા સાથે સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. દિવસે ચામડીને દાહ આપતી ગરમી વચ્ચે હીટવેવથી બચવા માટે વાહનચાલકો દુપટ્ટા અને ટોપી રૂમાલમાં લપેટાયેલા જોવા મળ્યા હતા.

આકરી ગરમીમાં ડીહાઈડ્રેશન તેમજ અન્ય બિમારીઓનો શિકાર થતા બચવા માટે તડકામાં ઘરની બહાર ન નિકળવા માટે તબીબોએ સલાહ આપી છે. છેલ્લા ૧૦ દિવસથી મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીથી નીચે ઉતર્યુ નથી. અલબત્ત ગરમીનો પારો ૪૨ ડીગ્રીની આસપાસ જ રહેતા ઉનાળો વધુ આકરો બન્યો છે. ત્યારે આજે સિઝનની રેકર્ડ બ્રેક ગરમીએ સૌ કોઈને પ્રભાવિત કર્યા છે. આકરી ગરમીના લીધે નગરનુ જનજીવન પણ સુન્ન પડી ગયુ છે. દિવસ દરમિયાન શહેરમાં સુનકાર જોવા મળે છે. જયારે સાંજ ઢળતા જ માર્ગો , ઉદ્યાનો અને સર્કલો પર ભીડ જામે છે. સવારથી જ ગરમીનો મિજાજ ઉગ્ર રહેતા ઘરની બહાર નિકળવાનુ મુશ્કેલ બને છે. શાળાઓમાં વેકેશન હોવાથી પરિવારજનો પણ બાળકોને ગરમીથી સુરક્ષિત રાખવા બહાર લઈને જવાનુ પસંદ કરતા નથી.

## માહિતી આયોગનો નવતર અભિગમ : વિડીયો કોન્ફરન્સ કરી કેસોનો નિકાલ કર્યો

### વન વિભાગના અધિકારીની અનુપસ્થિતિને લઈ નારાજગી પણ વ્યક્ત કરી

ગાંધીનગર, તા. ૨૯

માહિતી અધિકાર અંગેના કેસોના ઝડપી નિકાલ માટે આજે માહિતી કમિશ્નરની કચેરી દ્વારા વિડીયો કોન્ફરન્સ જિલ્લાના અધિકારીઓ સાથે યોજી આ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

આજે વિડીયો કોન્ફરન્સથી કેસોના ઝડપી નિકાલના નવતર અભિગમ દરમ્યાન વન વિભાગના અધિકારીની ગેરહાજરીને લઈ આયોગે ગંભીર નારાજગી વ્યક્ત કરી હતી. ચારેક જેટલા કેસોમાં પક્ષકારોના જવાબ લેવાની કાર્યવાહીને કારણે મુદત પડી હતી જોકે જિલ્લાના ૧૫ જેટલા કેસો હતા તે પૈકી ૮ થી વધુ કેસોનો આજે નિકાલ કરવામાં આવ્યો હતો.

માહિતી આયોગે આજે આવા કેસોનો ઝડપી અને સમયમર્યાદામાં નિકાલ કરવા માટેની સૂચનાઓ અને વિશેષ માર્ગદર્શન પણ આપ્યુ હતુ.

માહિતી આયોગે દરેક વિભાગના અધિકારીઓને આવા કેસોનું રજીસ્ટર પણ નિભાવવા માટેની તાકીદ કરી હતી તેમજ જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલનની બેઠકમાં આ બાબતે ચર્ચા કરવામાં આવે તેવુ મહત્વનું સૂચન પણ કર્યુ હતુ.

રાજ્યમાં માહિતી અધિકારના કેસોની સંખ્યામાં થઈ રહેલા વધારાને ધ્યાને રાખી આજે નવતર અભિગમના ભાગરૂપે વિડીયો કોન્ફરન્સ યોજી બધા કેસોની સુનાવણી કરાઈ હતી. ગાંધીનગરથી આ અભિગમનો પ્રારંભ થવા પામ્યો છે. સમયાંતરે આવી પુનઃ વિડીયો કોન્ફરન્સ યોજાશે તેમ પણ આયોગે જણાવ્યુ હતુ.

આયોગે કેસોના નિકાલ માટે વિવિધ ચુકાદાઓને પણ ધ્યાને લેવાનો આગ્રહ કર્યો હતો તેમજ સમય-મર્યાદાનું પાલન તંત્રના અધિકારીઓ દ્વારા થાય તે જોવા કડક તાકીદ કરી હતી.

## આગામી સપ્ટેમ્બરથી એચએસઆરપી વગરના વાહનો સામે દંડ ફટકારાશે

### વાહનોમાં એચ એસ આર પી નંબર પ્લેટ લગાવાની મુદત લંબાવાઇ : જિલ્લામાં ૨૦ ટકા વાહનોમાં હાઇસિક્યુરીટી નંબર પ્લેટ નથી

ગાંધીનગર તા ૨૯

વાહનોમાં હાઈસિકયુરીટી નંબર પ્લેટ લગાવવા માટે અગાઉ ૩૧ મેં સુધીની મુદત નિયત કરાઇ હતી.જયારે હવે આ મુદત વધારીને આગામી તા ૩૧ ઓગષ્ટ કરી દેવામાં આવી છે. જયારે તા ૧ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૯ થી એચ એસ આર પી નંબર પ્લેટ વગરના વાહનો સામે દંડનીય કાર્યવાહી હાથ ધરાશે તેમ પણ જણાંવાયુ છે. ગાંધીનગર જિલ્લામાં પણ અંદાજિત ૨૦ ટકા વાહનો એચ એસ આર પી નંબર પ્લેટ વગરના હોવાનુ ધ્યાને આવ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ વગરના વાહનોની સંખ્યા વિશેષ છે. વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવાનુ ફરજિયાત કરવામાં આવ્યુ છે. જયારે નવેમ્બર વર્ષ ૨૦૧૨ થી વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવાનો અમલ શરૂ કરાયો હતો. પરંતુ વર્ષોના અંતે પણ વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવાની કામગીરી પુર્ણ થઈ શકી નથી. આ અન્વયે ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા અગાઉ સ્થળ પર કેમ્પનુ પણ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે તાલુકા કક્ષાએ પણ વાહનોમાં હાઈસિકયુરીટી નંબર પ્લેટ ફીટ કરવા માટે આયોજન કરાયુ હતુ. જયારે હવે વાહન ડીલરો પાસેથી જ નંબર પ્લેટ ફીટ થઈ જાય તે મુજબનુ પણ આયોજન કરાયુ છે. કેન્દ્રીય મોટર વાહન નિયમ મુજબ વાહનોમાં હાઈસિક્યુરીટી નંબર પ્લેટ લગાવાનુ ફરજિયાત છે. ત્યારે વાહનોમાં એચ એસ આર પી ફીટ કરાવવા માટે ૩૧ મેં સુધીની આખરી

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા પંચાયત સંકુલમાં જ ફાયરસેફટીના સાધનોનો અભાવ

### વારંવાર શોર્ટસર્કીટની ઘટનાઓ બને છે : વધારાના વીજપુરવઠાની માંગ પણ ઈલેક્ટ્રીકરૂમ માટે જગ્યાની ખેંચાખેંચ વચ્ચે સપ્તાહમાં ૨ થી ૩ દિવસ વીજળી વેરણ થાય છે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા પંચાયત સંકુલમાં જ ફાયરસેફટીનો અભાવ કર્મચારીઓની ચર્ચાનો મુદ્દો બન્યો છે.

સરકાર દ્વારા સુરતની ઘટના પછી ફાયરસેફટીના મુદ્દે જે આક્રમક બની છે પરંતુ જિલ્લા પંચાયત સંકુલમાં જ ફાયરસેફટીના સાધનોનો અભાવ જોવા મળી રહ્યો છે.

જિલ્લા પંચાયત સંકુલમાં સૌથી વધુ વખત વીજ લાઈનોમાં ટ્રીપીંગ થતાં વીજપુરવઠો ખોરવાઈ જાય છે. એટલુ જ નહિ અહિ સંકુલમાં વીજ પુરવઠો વધારવાની માંગ સાથે પૈસા ભર્યાને એક વર્ષથી પણ વધુ સમય થયો હોવા છતાં જગ્યાના અભાવે જરૂરી રૂમ ઈલેક્ટ્રીક સુવિધા માટેનો ઉભો કરી શકાયો નથી. આ માટે પંચાયતમાં રૂમની જગ્યાની ખેંચાખેંચ છે. સામાન્ય સભાનો હોલ પણ નાનો પડે છે જ્યારે ૧૦ થી વધુ એસી આખા સંકુલમાં સતત દિવસભર ચાલે છે.

જિલ્લા પંચાયતનું વાયરીંગ પણ વર્ષો જુનુ છે અને તેનો આધારે જ હાલ વીજવપરાશ વધારવામાં આવી રહ્યો છે ત્યારે અહિ કયારેક હોનારત થઈ શકે તેવો ભય કર્મચારીઓમાં સતત પ્રવર્તી રહ્યો છે.

જિલ્લા પંચાયત સંકુલની પાસે જ ફાયરબ્રિગેડ છે પણ તે નવનિર્મિત થતુ હોવાથી હાલ ફાયરબ્રિગેડને અહિ આવતાં પણ પાંચ મિનિટથી વધુ સમય લાગી શકે છે. જિલ્લા પંચાયત સંકુલમાં બેસવાની જગ્યાની કમી છે એટલુ જ નહિ સંકુલ પણ ૩૩ વર્ષ કરતા વધુ જુનુ છે અને સરકારમાં વારંવાર રજુઆત કરવા છતાં નવા

● અનુસંધાન પાન-૭ પર

## શહેરના મુખ્યમાર્ગો પરના ૪ સર્કલોને પણ જર્મનીની પેટર્ન મુજબ વિકસાવાશે

### ચ-૩ ની જેમ અન્ય સર્કલ આસપાસના રસ્તાની હાઇટ ૬ ઇંચ વધારી : ઝીબ્રા ક્રોસિંગ તેમજ ચેઇનલીંક મુકાશે : રાત્રિના સર્કલ વિસ્તારની સેફટી માટે રીફલેકટીંગ લાઇટસ પણ જગમગતી થશે

ગાંધીનગર તા ૨૯

શહેરના સર્કલોને વિવિધ થીમ પર વિકસિત કરાયા છે. જયારે સલામતીના પરિબળોને ધ્યાને લઈને પણ સર્કલ વિસ્તારને તબક્કાવાર વિકસિત કરવામાં આવી રહ્યો છે. અગાઉ ચ-૩ સર્કલ આસપાસના વિસ્તારને આ પેટર્ન મુજબ તૈયાર કરાયા બાદ હવે સમિટ દરમિયાન ચ-૩ સર્કલને પણ આ મુજબ જર્મનીની પેટર્ન મુજબ તૈયાર કરાયુ છે. જે અન્વયે સર્કલ વિસ્તારની આસપાસના નગરના અન્ય ચાર સર્કલોને પણ જર્મનીની પેટર્ન મુજબ તૈયાર કરાશે.

ગાંધીનગરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો શહેરની આગવી ઓળખ બની ગયા છે. નગરના સર્કલોને સુશોભિત કરવા તેમજ વિવિધ થીમ આધારિત વિકસાવવામાં આવ્યા છે. પરંતુ સર્કલ વિસ્તારમાં રોડ સેફટી જોખમાતી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયા બાદ માર્ગ મકાન વિભાગ દ્વારા શહેરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલોના વિસ્તારને વિદેશી પેટર્ન મુજબ વિકસાવવા માટે આયોજન કરાયુ છે. જયારે અગાઉ વાઈબ્રન્ટ રસ્તાને ૬ ઈંચ ઉંચો કરી ચારેય બાજુ ઝીબ્રા ક્રોસિંગ કરવામાં આવ્યુ છે. જેના લીધે રાહદારીઓ સલામતીપુર્વક માર્ગ ઓળંગી શકે. જયારે વચ્ચેના સેન્ટ્રલ વર્જને ચેઈન લીંક લગાવી સુશાભિત કરવામાં આવી છે. જેના લીધે સેન્ટ્રલ વર્જમાંથી પણ સર્કલ વિસ્તાર પર સીધા કોઈ આવી શકે નહીં. આ ઉપરાંત સર્કલ વિસ્તારમાં કેટ આઈ જેવી રીફલેકટીંગ લાઈટસ પણ રાત્રિના આવતા વાહનચાલકોને સર્કલ વિસ્તારનો દુરથી જ ખ્યાલ આપતા વાહનોની ગતિ પણ અંકુશમા લઈ અકસ્માત નિવારવા

● અનુસંધાન પાન-૭ પર

## ચોમાસાની આપત્તિમાં થતી હોનારત અંગે મોકડ્રીલ મનપા યોજે

### સરકાર દ્વારા જિલ્લામાં સુજલામ સુફલામના કામો ૧૫ દિવસમાં સંપન્ન કરવા તાકીદ

ગાંધીનગર, તા. ૨૯

આગામી ચોમાસા દરમ્યાન વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે જરૂરી તમામ કાર્યવાહી કરવાની સૂચના સાથે મનપાને આ મુદ્દે મોકડ્રીલ યોજવા માટે પણ સૂચના રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે.

આજે આ મુદ્દે યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં તંત્રના અધિકારીઓને આપદામાં લોકોને સમયસર રાહત મળી રહે તે માટે જરૂરી

● અનુસંધાન પાન-૭ પર

## પ્રાર્થના સભા



અમારી વ્હાલસોયી **દિશા પ્રણવ જોષીપુરા**નું તા. ૨૬/૫/૨૦૧૯ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગત દિશા જોષીપુરાની પ્રાર્થનાસભા તા. ૩૦/૫/૨૦૧૯ને ગુરૂવાર ના રોજ સાંજના ૫-૦૦ થી ૭-૦૦ દરમિયાન ઉમિયા ભવન, ગ્રાઉન્ડ ફ્લોર, સેક્ટર-૧૨, ગાંધીનગર** ખાતે રાખવામાં આવેલ છે.

**શ્રીમતી અંજનીબેન જોષીપુરા પરિવાર** — **ડો. હરિકાન્તભાઈ નાણાવટી પરિવાર**
**ડો. પ્રણવ જોષીપુરા** — **શ્રદ્ધા જોષીપુરા**
**દર્શનાબેન જયેશ મજમુદાર પરિવાર** — **ડો. ધારા નાણાવટી**
**સમીર જોષીપુરા પરિવાર**
**પ્રિયમ પ્રણવ જોષીપુરા**

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



Call Us For More Detail
+91 99789 77011 / +91 75758 06832
Bungalow No.55, Saptarushi Society, Bh. Krishna Kunj Apartment, Opposite NID, Kudasan, Gandhinagar - 382 421
www.craayonspreschool.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com